

DIGITAL EDITION
AUGUST 2025

અંક : ૩૭ ઓગષ્ટ ૨૦૨૫

દશનામ
સરક્યુલર

VISIT US :
www.dashnamcircular.me

દશનામ

સરક્યુલર

વર્ષ : ૦૪

●

અંક : ૩૭

વિશેષાંક : ૦૮

●

ઓગષ્ટ ૨૦૨૫

●

તંત્રી

લલિતપુરી રામપુરી ગોસ્વામી

M.: +91 989 855 0833

●

E-mail

dashnamcircular@gmail.com

●

Website

www.dashnamcircular.me

●

પ્રકાશન અને સંકલન

લલિતપુરી આર. ગોસ્વામી

જામજોધપુર / સુરત.

●

ડિઝાઈન

જી.પબ્લીકેશન્સ

સુરત.

●

પ્રાપ્તિ સ્થાન

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

તંત્રીલેખ...

સમાવવાની શક્તિ

* સમુદ્ર અસંખ્ય નદીઓનું પાણી પોતાનામાં સમાવતો જ રહે છે અને છતાં સમુદ્રમાં કદી રેલ નથી આવતી એને કહેવાય સમાવવાની શક્તિ.
* કરોડો મનુષ્યો છે, કોઈ કંઈ બોલશે, કોઈ કંઈક બોલશે, નિંદા - સ્તુતિ, માન - અપમાન, જય - પરાજય બધું સમાવી લેવું.
* વર્તમાન સમયની તાસીર પ્રમાણે સમય અને સંજોગો અનુસાર ઘણું બધું સમાવી લેવું પડે.
* ચારે તરફ મૂલ્યરહિત વ્યવહાર, મોં-ફાટ શબ્દોની વણઝાર, માનમર્યાદા વિનાનું વર્તન અને અસાંસ્કારિતાનું વાતાવરણ જોતાં સમાવવામાં શાણપણ રહેલું છે.
* આ વિરાટ વિશ્વનાટક એક્યુરેટ બનેલો છે. એમાં ક્યારેય કંઈપણ ખોટું નથી થતું. કોઈના મારી સાથેના અયોગ્ય વર્તનથી બંનેના હિસાબ કિતાબ જ પૂરા થતા હોય છે.
* બધું આપણી ઈચ્છા અનુસાર થવાનું નથી. પ્રતિકૂળતા માટે તૈયારી રાખવાની જ છે. આવી સ્મૃતિ સમાવી લેવા માટે સમાવવાની શક્તિ બળ પૂરું પાડે છે.
* દરિયાદિલીને કારણે આપણે ખૂબ અનુભવી અને વિશાળદિલ બનીશું.
* સમાવવાની શક્તિ હશે તો ઉમદા વાતાવરણ જળવાઈ રહેશે.
* સમાવવાની શક્તિ હશે તો સંબંધો ઘર્ષણમુક્ત, મધુર અને સુખદાયી બનશે.

- લલિતપુરી આર. ગોસ્વામી

દશનામ

ⓔ સરક્યુલર

... અનુક્રમણિકા ...

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

લક્ષ્ય

અમારું લક્ષ્ય **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝિન દ્વારા દશનામ ગોસ્વામી સમાજને એક મંચ પર લાવવાનું છે.

અમે સમાજના સભ્યોને માહિતી, જ્ઞાન અને પ્રેરણા પૂરી પાડવા કટિબદ્ધ છીએ. આ મેગેઝિન દ્વારા, અમે સમાચારો, લેખો, વ્યક્તિવિશેષ ઇન્ટરવ્યુ અને પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ કરીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા અને નવી પેઢીને આપણા મૂલ્યો અને પરંપરાઓથી વાકેફ કરવા માંગીએ છીએ.

યુવાનોને તેમના ભવિષ્ય માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવું, સામાજિક એકતાને મજબૂત કરવી અને સામૂહિક પ્રગતિને વેગ આપવો એ જ અમારું મુખ્ય ધ્યેય છે.

અમે સમાજને વધુ સશક્ત અને સુસંગઠિત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છીએ.

તંત્રીશ્રી

VISIT US :

www.dashnamcircular.me

કૃષ્ણાયણ



હનુમાનજી અને શ્રી કૃષ્ણનો સંવાદ...!!!

- રમેશપુરી યુ. ગોસ્વામી 'સારથિ'
લાકડિયા, ભચાઉ (કચ્છ)



ઘણાં સંભારણા સાંચવીને, હૈયામાં કોતરીને રાખ્યાં છે મારા રામ...!

અધ્યાય:-૪ (૨)

જય હનુમંત અનંત અવિનાશી,
રામ લખન સીતા ઘટ વાસી.
સુત પવન હનુ બલવીરા,
હરહુ દુ:ખ ક્લેશ સબ પીરા.
જગત કહે અતુલિત બલધામા,
કહત ફિરત હે રામા રામા.
અંજની પુત્ર પવન સુત જાયા,
જિસને જો માંગા વો પાયા.
ફલ જાનૂ જબ રવિ ગ્રહ્યો તબ,

મિલકે દેવ હે થથરાયે સબ.
ભૂત, દૈત્ય સબ થર થર કાંપે,
બજરંગી જબ નામ સુનાવે.
મૂર્છિત હુવે જબ લખન ભૈયા,
લાઉં સંજીવની ચડાઇ બૈયા.
ભરતજી જબ બાણ ચલાયો,
લંગડેશ્વર તબ સે કહેલાયો.
હનુ હઠીલા, હે ક્રિપાલા, દિન, દયાલા,
વિકરાલા, હો નિરાલા,
રામ દુલારા ,સંતન પ્રતિપાલા,
ભયો અંધિયારો, કર ઉજાલા.
તુમ રામકે, મેં દાસન કા દાસ
'સારથિ' પુકારે, તતખેવ પૂરજો આશ.

-સારથિ.

કુરુક્ષેત્રમાં હનુમાનજી મહારાજ અને શ્રી કૃષ્ણ લાંબો હાથ કરીને સ્પર્શ કરી શકાય એટલા નજીક હતા, છતાં સંવાદ નહોતો. મહાભારતના રચયિતાને લાગ્યું હશે કે વાત મંડાશે તો યુધ્ધ યુધ્ધનાં ઠેકાણે રહેશે અને હનુમાનજી અને રામ (કૃષ્ણ) વાતે વળગશે. 'સારથિ'નો માહ્યલો ઝંખે છે કે બાત હો જાયે...!

એકમેકને અમિયલ નજરે જોઇ રહ્યા છે બંને. હનુમાનજીનાં ઘેઘૂર અવાજમાં થોડી વ્યથા છે:-

'પ્રભુ, શું આ યુધ્ધ અટકાવી ન શકો? બે, પાંચ લોકોને હણવાનાં થાય તો હણી નાખો. દુર્યોધન, શકુની જેવાઓને સુદર્શન ચક્રથી વધ કરી નાખો. અડધું રાજ કૌરવોનું, અડધું રાજ પાંડવોનું. હિસાબ બરાબર. અન્ય કોઇ, ભીષ્મ પિતામહ કે દ્રોણાચાર્ય વચ્ચે નહીં આવે. તેઓ જાણી ગયા છે સત્ય. કર્ણ જેવા સત્યજીવી લોકો વિરોધ કરશે. પણ



એ પણ અંતે સત્યની ભાષા સમજે છે. પ્રભુ, હણી નાખો દુર્યોધનને. જેથી આ મહાયુધ્ધ અટકી જાય. લાખો લોકોનાં જીવ બચી જાય.'

કૃષ્ણ મ્લાન મલક્યા.:-

હનુમંતે... એટલું સરળ હોત તો આ આખો ખેલ રચાવા જ ન દીધો હોત. અર્જુન અને દુર્યોધન મારી પાસે આવ્યા ત્યારે જ એમને સમજાવી શક્યો હોત. અર્જુને મને માંગ્યો, દુર્યોધને નારાયણી સેના માંગી. પરિણામ અહીં જ નક્કી થઇ ગયું હતું. દ્રોપદીનું વાક્ય - અંધનાં તો અંધ જ હોય... ત્યાંથી યુધ્ધાગ્નિ શરૂ થઇ ગઇ હતી, જે દુર્યોધનનાં પાંચ ગામ તો શું, સોયની અણી જેટલી જમીન પણ નહીં આપું... આ વાક્ય પર આવતાં આવતાં અગ્નિ વધુ વિકરાળ પ્રજ્વલિત થઇ ગઇ હતી. દ્રોપદીનાં વાક્ય પહેલાંથી દુર્યોધન રાજપાટ મેળવવા



મનસૂબા ઘડી રહ્યો હતો. દ્રોપદી ભાભી હોવાનાં નાતે મશ્કરી કરી શકે, તો દુર્યોધન દેર હોવાના નાતે મશ્કરી કરી શક્યો હોત. યુદ્ધ સુધી નોબત આવી ન હોત.

અને યુદ્ધ રોકવું જ હોત તો પાંડવોને હું દ્વારિકા બોલાવી શક્યો હોત. સોનાની દ્વારિકા બનાવી શકું તો પાંડવોને એકાદ રાજ્ય આપી પણ શકું અને પાંડવ બંધુઓ મારી વાત ટાળી ન શક્યા હોત. પાંડવો સત્તાના ભૂખ્યા નથી. સત્યના ભૂખ્યા છે. પિતામહ, ગુરુ દ્રોણ.. બધા વરિષ્ઠ લોકો આ જાણે છે. ફરજ એમની બનતી હતી કૌરવોને રોકવાની, વારવાની. શું ભીષ્મ પિતામહ આકરા શબ્દોમાં દુર્યોધનને બોલી ન શક્યા હોત? કહી શક્યા હોત કે હે દુર્યોધન, અડધું રાજપાટ પાંડવોને આપી દે. અને ધૃતરાષ્ટ્ર? માતા ગાંધારી, ગુરુ દ્રોણ... કૌરવ જ્યેષ્ઠને વારી શક્યા હોત. કોશિશ કરી હતી. પણ... લવલેશ લીધી હોત તો યુદ્ધ સુધી નોબત ન આવી હોત. કથિત ફરજના બહાનાં હેઠળ સૌ મૌન બની ગયા હતા. ફરજ હતી કૌરવ પક્ષના વડીલોની દુર્યોધનને યેન કેન પ્રકારેણ મનાવવાની. થોડી જમીન માટે તો મનાવી જ શક્યા હોત. ધૃતરાષ્ટ્ર અને ગાંધારી પ્રણ લઇને બેસી જાય કે પાંડવોને આટલી જમીન, આટલાં ગામ આપ નહીં તો પ્રાણ ત્યજી દઇશું. તો? તો દુર્યોધન કૂણો પડ્યો હોત. ગુરુ દ્રોણ એમ કહે કે તારે યુદ્ધ જ કરવું છે તો આજથી હું મારું ગુરુપદ ત્યાગું છું. તો? ભીષ્મ એમ કહે કે હે વત્સ દુર્યોધન, તું જો પાંડવો સામે યુદ્ધ કરવાનો હો તો હું અન્ન-જળનો ત્યાગ કરું છું. તો? આવા પ્રયત્નો કોઈએ નથી કર્યા હનુમંત. સત્તા આગળ સૌ ઝૂકી ગયા હતા. અંત નિશ્ચિત છે કૌરવોનો. ભારતવર્ષ જાણે છે. જુગારમાં છળ-કપટ કરીને પાંડવોને હરાવ્યા ત્યાં સુધી ઠીક હતું, દ્રોપદીને દાવમાં મૂકવાનો અધિકાર હારેલા પાંડવો પાસે નહોતો રહ્યો. તો સ્ત્રીને જીતીને ચિરહરણ કરવા જેવું શરમજનક કૃત્ય દુર્યોધન કરતો હતો ત્યારે કૌરવ સભાનાં મહારથીઓ કેમ મૌન હતા.? આટલી અનીતિ જાઇને કોઇનું લોહી ઉકળ્યું નહોતું. ભીમની ભૂજાઓમાં હજાર હાથીઓનું બળ કાંપવા લાગ્યું હતું. દ્રોપદીને આથી જ સૌથી પ્રિય ભીમ હતો. આર્તનાદ મને સંભળાયો હતો. દ્રોપદીનો પોકાર. ચિર પૂરવા હું ગયો હતો. એ ચિર દ્રોપદી પૂરતાં નહોતાં. સકળ વિશ્વની સ્ત્રીઓને સંદેશ હતો કે જ્યારે જ્યારે તમારી આબરૂ પર આંચ આવશે, ત્યારે મને યાદ કરજો, હું દોડી આવીશ. કૌરવને મનાવવામાં સાચું કહું તો એમના પક્ષે કોઇ પ્રયત્ન જ નથી થયો. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.'

કૃષ્ણની નજર કુરુક્ષેત્રનાં મેદાન પર

ફરતી હતી.:-

'ભારતવર્ષનું કોઇ રાજ્ય બાકી નથી રહ્યું, કે જ્યાંથી મદદ ન આવી હોય. બંને પક્ષે મદદ આવી છે.'

હનુમાનજીએ શાંત ચિત્તે સાંભળીને ધીમેથી કહ્યું.-

'પ્રભુ, આપ તો અંતર્યામી છો. બધું જ જાણો છો. છતાં કહું. માં જાનકીની ખબર કાઢવા લંકામાં ગયો ત્યારે લંકેશની સભામાં જ આંખોથી દશાનનને સંદેશ આપ્યો હતો કે તારું મોત નિશ્ચિત છે. વાંચી લે મારી આંખોમાં તારા મોતનાં ખબર. રાવણ પણ જાણતો હતો, મોત નિશ્ચિત છે. રામથી કૃષ્ણ સુધી...હું એવો જ છું. આપ સમયની સાથે અવતારો ધારણ કરીને પધારો છો. પ્રભુ, આ બધાં તો પાત્રો છે. આપ તો ભૂત, ભવિષ્ય જાણો છો. કૌરવ પક્ષની જેમ પાંડવ પક્ષે પણ સમજાવી શકે એવાં થોડાં નામો તો ગણી જ શકાય. કુંતિ. એ સમજાવી શકી?'



કૃષ્ણ ચિરપરિચિત અંદાજમાં મલક્યા.-

'કુંતિ સમજી ગયાં છે. અને પાંડવોને સમજાવી શકે તોય સમસ્યાનું સમાધાન મળવાનું નથી. થોડી જમીન, કે ગામડાં પૂરતું આ યુધ્ધ નથી રહ્યું. એકમેકનાં અસ્તિત્વને નકારવાનું યુધ્ધ છે આ. આ યુધ્ધનાં મંડાણ વર્ષો પહેલાં થઇ ગયાં છે. ઘણાંએ પ્રતિજ્ઞા લીધી છે કે હું આને આવી રીતે મારીશ. જેમકે ભીમે પ્રતિજ્ઞા લીધી છે કે દુર્યોધનની સાથળ ચિરી નાંખીશ. કર્ણનું મોત... અરે ભીષ્મ પિતામહ કે લાખો યોધ્ધાઓનાં મોત રણભૂમિમાં નિર્ધારિત થઇ ગયાં છે. ઘણાંનાં ગયા ભવનાં વેર બાકી છે. એમ કહો કે જનસંખ્યા નિયંત્રણ છે આ યુધ્ધ. અહંકારનું પતન છે આ યુધ્ધ. પાંડવ પણ જાણે છે કે આટલી મોટી સંખ્યામાં હત્યાઓ કર્યા બાદ રાજપાટ ભોગવવા જેટલી મનોસ્થિતિ રહેવાની નથી. પાંડવ બંધુઓ સહદેવને પૂછતાં ડરે છે કે યુધ્ધ બાદ શું થશે? સહદેવ તો ત્રિકાળ જ્ઞાની છે. એક સવાલ જેટલું દૂર છે યુધ્ધનું પરિણામ. સવાલ પૂછે તો ખબર પડી જાય કે યુધ્ધ જીત્યા બાદ પણ અંતે હિમાલયમાં હાડ ગાળવા જ જવું પડશે. યુધિષ્ઠિર , અર્જુન, ભીમ, નકુલ... કોઇ હિમત નથી કરતું સહદેવને સવાલ કરવાની. સહદેવ સૌથી વધુ ઉદાસ છે. નિયતિનાં એંધાણ વર્તાઇ ગયાં છે. સહદેવ દુર્યોધનને સમજાવી શક્યો હોત.? ભીષણ યુધ્ધ બાદનાં પરિણામની ઝલક દેખાડી શક્યો હોત. પૂછ્યા વગર જવાબ ન આપવાની નેમ હતી એને. એને તોડીને પણ યુધ્ધનું પરિણામ કૌરવ પક્ષને બતાવી શકાયું હોત. ઘણાં પાત્રો છે હનુમંત, જે સમજાવી શકે. સો કૌરવોમાં દુર્યોધનની સત્તા લોલુપતા સામે

બીજા કેમ ચૂપ થઇ ગયા છે? રાજ ભોગવવાનાં સપનાં દુર્યોધન પક્ષે પણ કોણ જુવે છે? કોઇએ માંગ્યું નથી કે જીતી ગયા તો અમને શું મળશે? મહા અંતનાં મંડાણ થઇ ગયાં છે.'

હનુમાનજી સ્થિર સ્વરે બોલ્યા.:-

'પ્રભુ, આપ રાજનિતિજ્ઞ થઇ ગયા છો. અજાણતાં, કે જાણતાં પાંડવ પક્ષ લઇ રહ્યા છો. કદાચ પાંડવ સંબંધી થાય એટલે?'

કૃષ્ણ ખડખડાટ હસી પડ્યા.:-

તમે સ્વભાવે ભોળા છો હનુમંત. આ રાજનીતિ નહીં, કર્મનીતિ છે. ધર્મનીતિ છે. મારો કોઈ પક્ષ નથી. સત્ય એ જ મારો પક્ષ. ધર્મ એજ મારો સંદેશ. હું દ્વારિકાથી અહીં આવ્યો છું. શું પામવા? કોણ જીતશે, કોણ હારશે... એ બાદ પણ હું ખાલી હાથે પાછો ફરીશ. કૌરવ કે પાંડવ કોઇ મને કંઇ આપી શકે એવી એમની ત્રેવડ નથી અને મારે કંઈ જોઇતું પણ નથી. હું દ્વારિકા પાછો ફરીશ ત્યારે મારી મનોસ્થિતિ જાણવી છે બજરંગી? તો સાંભળો, હું એક ક્યારેય ન ભરાય એવો ખાલીપો લઈ ને પાછો ફરીશ. અહીં સાંભળેલી દર્દનાક ચીસો જીવનભર મારા કાનમાં ગૂંજતી રહેશે. અહીં થનારો રક્તપાત મારી આંખોમાંથી અદ્રશ્ય નહીં થઇ શકે. ને કંઈ કેટલાય શ્રાપ... હું દ્વારિકા પાછો ફરીશ ત્યારે સોનાની નગરી મને પીત્તળની લાગશે. સંગીતમાં મને આર્તનાદ સંભળાશે... મારો વેગ ધીમો પડી જશે. મારું સ્મિત ઝાંખું પડી જશે. હું કદાચ બધાની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી નહીં શકું.. પણ મારો આત્મા રડશે. હું સીધો મારા રાણી મહેલમાં નહીં જાઉં. હું મારા અલાયદા કક્ષમાં જઈશ. દિવસો સુધી હું આ યુદ્ધમાંથી બહાર નહીં નીકળી શકું. હું હથિયાર નહીં ઉપાડું, છતાં હું જ વધ કરીશ. મારા હાથ રક્તરંજિત થઈ જશે. મારા હાથની રેખાઓ લાલ થઇ જશે. રક્તની દુર્ગંધ...'

કૃષ્ણએ ઊંડો નિશ્વાસ લીધો.:-

'યુદ્ધથી પહેલાં મારા ઘટમાં યુદ્ધ ખેલાઈ ગયું છે. ચિત્કારો મારા હૈયાને દઝાડી રહ્યા છે ને હું જ પ્રાણ પૂરનાર, મારા જ હાથે વધ થશે. અર્જુનનું ગાંડીવ તો નિમિત્ત છે. એની ફણસ પર તીર ગોઠવીને સનનન કરતું હું જ છોડીશ. કેટલી આહો! ઓહ!'

મૌન પથરાઈ ગયું.

ખખડી રહેલાં આયુધોનો કર્કશ અવાજ... દૂર, ગીધોના સમુહોનો ધીમો ધીમો આનંદ ભર્યો અવાજ.

'ગીધડાંને ભોજન મળશે.'

રામનાં આ વાક્યમાં કેટલી વેદના છલકાઈ, ઢોળાઇ એ હનુમાનજી પામી ગયા. હનુમાનજીની નજર ગીધનાં ટોળાં પર ફરતી હતી અને કૃષ્ણ વદતા હતા:-

'સ્વયંમ ભગવાન છું, છતાં કેટલાં અપમાનો સહન કર્યાં? રામાકાળમાં અને કૃષ્ણકાળમાં... અહીં સુધી આવીને થાકી જવાયું છે હનુમંત. અરે હું તો માખણચોર, નંદકિશોર. લાશોના સોદા કેમ કરીને કરી શક્યો હોઇશ. પ્રકૃતિનો ખેલ છે આ અને વિધાત્રીએ ઘટનાઓ ઘડી છે. અહીંથી, પારોઠનાં ભરવાનું મન થાય છે. કહેવાનું મન થાય છે કે ના, નથી કરવું યુદ્ધ. જાઓ સૌ સૌની ઘેર. આનંદ કરો. આનંદ પરમો ધર્મ. વાંસળી, માખણ, મોરપિંછથી શરુ થયેલી



યાત્રા... લાશોનાં ઢગલા સુધી આવી પહોંચ્યો છું. આગળ પણ, મારા જ હાથે, મારા જ સ્વજનો સાથે સોનાની નગરી દરિયામાં ડૂબાડી દઇશ. અને અંતે ભાલકા તીર્થમાં પારધીને નિમિત્ત બનાવીને મહાપ્રયાણ કરીશ. આ બધા ડંખ સતત દુઝ્યા કરશે હનુમંત...'

કુરુક્ષેત્રનાં મેદાનમાં માનવ ટોળાં ઉભરાતાં હતાં. આયુધો ખખડી રહ્યાં હતાં. એ અવાજમાં મોતનાં ભણકારા વાગતા હતા. સૌ અંત ભણી આગળ ધસમસી રહ્યા હતા.

એ જોઈને કૃષ્ણ બોલતા હતા.:-

'આ મહાયુદ્ધ બાદ પણ હનુમંત, ઔર એક ગૃહયુદ્ધ મારી પ્રતિક્ષા કરી રહ્યું છે. મારા જ હાથે મારાંને હણવા પડશે. પુત્ર, પૌત્ર, દોહિત્ર... છાકટા બનેલા મારા વંશજોનો અંત પણ મારે જોવો પડશે. હનુમંત, તમે આ બધાથી, પરિવારથી પર છો એટલે આ દર્દ સમજી નહીં શકો. ભગવાન તરીકે અવતરણ કરીને પણ હું શું પામ્યો છું ? રામ બનીને પણ વનવાસ ભોગવું છું. પિતાના મૃત્યુ સમયે હાજર રહી શકતો નથી. કૃષ્ણ બન્યા બાદ પણ સુખની વ્યાખ્યામાં નથી આવતો. જન્મતાંવેંત મા -બાપથી અળગો થઈ ગયો. બીજા મા - બાપને ઘેર ઉછર્યો. બાર - તેર વર્ષનો થયો ત્યાં ગોકુળ મુકીને દ્વારિકા રચવા નીકળી પડું છું. કનૈયાથી કૃષ્ણ થવું... આ અઘરું હતું. સંબંધો ક્યારેય છૂટયા નથી. ગોકુળ-મથુરા મારા હૈયામાં રોજ ધબકે છે. બધું જ છોડીને ગોકુળ દોડી જવાનું મન થાય છે. મનને કેમ મનાવું છું એ મારું મન જાણે છે.'

કૃષ્ણ થોડી વાર શૂન્યમાં એમજ જોઇ રહ્યા. જાણે ગોકુળની ગલીઓમાં ફરવા નીકળ્યા હોય એમ નજર રખડતી હતી.

'એક નામ...'

કૃષ્ણનો અવાજ થોડો ધ્રૂજ્યો.:-

'રાધા... રાધાને ક્યાં છોડી શક્યો છું? બાળપણનો એ નિર્દોષ પ્રેમ અલૌકિક હતો. મારું ચાલ્યું હોત તો હું મોટો જ ન થાત. ગોકુળની ગલીઓ કેમેય કરીને છૂટી નથી. ભેરુઓ સાથે રમવું, ગોપીઓ સાથે ધીંગામસ્તી કરવી, ગાયો ચરાવવી, વાંસળી વગાડવી, માખણ ચોરીને ખાવું, મટકી ફોડવી, માતા જશોદાનાં લાડ, નંદબાવાની છત્રછાયા... કેટકેટલું પાછળ છોડી દીધું છે. રાધાની આંખો હજી મને શોધે છે. એના રતુંબડા હોઠેથી કનૈયાનું નામ ભૂંસાયું નથી. એ શોધ્યા કરે છે મને ગૌધેનો વચ્ચે. વાંસળી સાંભળતી હોય એવો આભાસ થાય છે અને અરવાણે પગે દોડે છે સીમમાં. વગડો ખૂંદી વળે છે. કાન્હા, ઓ કાન્હા... અવાજ કરીને

વગડો ગુંજવે છે. એ અવાજ હું સાંભળું છું. એ અવાજની મીઠાસ આજે પણ એવી જ છે. મન થાય છે કે બધું પડતું મૂકીને રાધા પાસે પહોંચી જાઉં. પણ એવું કરી શકતો નથી. આ અવતારના સંબંધો સાંચવવામાંથી ફૂરસદ નથી મળી, તો ગયા જનમનાં સંબંધો કેમ સાંચવી શકું રામદૂત. પણ... એક નામ, એક ચહેરો ઘણી વખત યાદ આવી જાય છે અને એ તમે છો હનુમંત.'

ભગવી ફરકતી ધ્વજા પર બિરાજમાન હનુમાનજીના મુખારવિંદ પર યુગો પહેલાં જેવું સ્મિત પ્રગટ્યું. કદાચ આ વાક્ય સાંભળવા માટે જ આવ્યા હતા. આશા, અપેક્ષા નહોતી. પણ પ્રભુ બોલ્યા હતા.

બે કર જોડીને એમણે વંદન કર્યાં.:-

'પ્રભુ, અહીં સુધી બોલાવ્યો જ છે તો આગળ પણ સાથે રાખો. હું કોઇ પણ સ્વરૂપે આપની સાથે રહીશ. દાસ, મિત્ર, અંગરક્ષક.... હું આવીશ દ્વારિકા નગરીમાં. મારા આત્માને પરમ આનંદ મળશે. આપ સ્વર્ગે સિધાવો, ત્યાં સુધી સાથે રહીશું, ત્યારબાદ હું મારા અજ્ઞાત સ્થળે ચાલ્યો જઇશ. અહીં, આવા વાતાવરણમાં વાતો ક્યાં થઇ શકી. ઘણાં સંભારણા સાંચવીને, હૈયામાં કોતરીને રાખ્યાં છે મારા રામ... મહેલમાં નહીં તો મહેલની બહાર હું જાગતો બેઠો રહીશ દિ, રાત. જયારે પણ આપને નવરાશ મળે, મનોમન યાદ કરજો, હું આવી જઇશ છલાંગ લગાવીને ઝરૂખે. આટલું કરો.'

એક ક્ષણમાં કૃષ્ણએ વિધાત્રી સાથે ગોઠડી કરી લીધી. જવાબ આપ્યો ના, આ યુગમાં આટલી જ પરવાનગી. આવતા ભવે...

કૃષ્ણની નજર સૂર્ય તરફ ઊંચકાઇ. કદાચ સૂર્યને સ્થિર કરી દેવો હતો વધુ સમય મળે માટે.

ના ના ના....

સમગ્ર બ્રહ્માંડનાં દેવી, દેવતાઓ જાણી રહયાં હતાં કૃષ્ણની મનોવેદના. નનૈયો ઉઠ્યો હતો. કૃષ્ણ જો હનુમાનજીમાં અટવાઇ જાય તો આગળની તમામ ઘટનાઓ વેરવિખેર થઇ જાય. ઘડીના છઠ્ઠા ભાગમાં ના આવી ગઈ પ્રકૃતિની. સૃષ્ટિની. રચિયતાની.

શ્યામલ ચહેરા પર મ્લાન સ્મિત પ્રગટ્યું.

'ના. આ જન્મમાં આટલી જ મુલાકાત. આવતા ભવે, કલ્કિ અવતારમાં મળશું. વિધર્મનો નાશ કરવા. ત્યારે તમારી આવશ્યકતા પડશે.'

હનુમાનજી મહારાજે બે કર જોડીને રુંધાયેલા અવાજે કહ્યું:-

'ઠીક. કરો આપની રાજનીતિ. હું આ યુદ્ધ બાદ મારા સ્થાને ચાલ્યો જઇશ, પણ મારા રામ પર મારી મીટ મંડાયેલી રહેશે. મારી તમામ સકારાત્મકતા આપની સાથે રહેશે. વાટ નિરખીશ કલ્કિ અવતારની. જય શ્રી રામ પ્રભુ.'

કૃષ્ણ ધીમું મલક્યા:-' જય શ્રી કૃષ્ણ બજરંગી.' અને કુરુક્ષેત્ર- કૂરક્ષેત્રમાં યુદ્ધનાં મંડાણ થયાં...

શબ્દ બાણ

મહાયુદ્ધ બાદ રક્ત ટપકતી લાશો પર ભીની નજર કરતા હનુમંત કોઈ અગોચર વિશ્વમાં ચાલ્યા ગયા..





રૂદ્રાક્ષનું મહત્ત્વ...



પિતામ્બરપુરી આર. ગોસ્વામી
સુરત

ભગવાન શિવજીના કંઠ (ગળા) માં પહેરેલ રૂદ્રાક્ષની માળા અને આ રૂદ્રાક્ષ વિશે વાતની ખાસિયત જાણવી આપણા માટે જરૂરી છે ત્યારે એક વૃક્ષ જે ફળ રૂપે રૂદ્રાક્ષ આપે છે તે રુદ્રાક્ષને આપણે જાણીએ છીએ તેની અનેક ખાસિયતો વિશે આપણે અજાણ છીએ તો નીચે લખેલ મુજબ રુદ્રાક્ષ શું શું ફાયદા અને આપણાં મનુષ્યરૂપી દેહ ને કેવી રીતે તેનો પ્રભાવ કરે તેના વિષે જાણીએ.

રૂદ્રાક્ષ શબ્દની સંધી છુટી પાડીએ તો રૂદ્ર+અક્ષ એમ થાય. હવે તેનો અર્થ સમજીએ તો રૂદ્ર એટલે ભગવાન શિવ અને અક્ષ એટલે આંખ. ભગવાન શિવના આંસુ પૃથ્વી પડ્યા અને તેમાંથી એક વૃક્ષ બન્યું અને તેના પર જે ફળ આવ્યા તેને રૂદ્રાક્ષ કહેવામાં આવે છે. રૂદ્રાક્ષનું આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટીએ ખુબ મહત્વ છે.

રૂદ્રાક્ષની ઉત્પત્તિ ભગવાન શિવના આંસુમાંથી થઈ હોવાના કારણે રૂદ્રાક્ષને સાક્ષાત્ ભગવાન શિવનું સ્વરૂપ માનવામાં આવે છે. રૂદ્રાક્ષમાં આધ્યાત્મિક તેમજ દૈવી ગુણો રહેલા છે. રૂદ્રાક્ષનું વર્ણન શિવમહાપુરાણ, લિંગપુરાણ, પદ્મપુરાણ, રૂદ્ર-

જાબાલોપનિષદ, ઉડિસતંત્ર સહિત અન્ય ઘણા પ્રમુખ ગ્રંથોમાં જોવા મળે છે. ભગવાન શિવ એક સર્વશક્તિમાન દેવ છે. સર્વ દેવો મહાન છે પરંતુ ભગવાન શિવ સર્વ દેવોમાં પણ મહાન છે એટલે તેમને મહાદેવની ઉપમાં આપવામાં આવી છે. ભગવાન શિવ જન્મથી મૃત્યુ સુધીના ચક્રને નિયંત્રિત કરે છે. ભગવાન શિવ ભાષા, કલા, નૃત્ય, સંગીત, યોગ, આયુર્વેદ અને ઔષધી તેમજ વનસ્પતી વિજ્ઞાનના જનક છે અને રૂદ્રાક્ષના જનક પણ ભગવાન શિવ છે અને એટલા માટે આ તમામ બાબતોમાં નિપુણતા તેમજ આધ્યાત્મિકતા, નિર્ભયતા, સ્વાસ્થ્ય અને શાંતિ તેમજ સંપન્નતા જેવી તમામ ઈચ્છાઓ રૂદ્રાક્ષ ધારણ કરવાથી પૂર્ણ થાય છે.

રૂદ્રાક્ષનું વૈજ્ઞાનિક મહત્વ:

વિજ્ઞાને પણ રૂદ્રાક્ષના મહત્વને અને તેના પાવરને માન્યો છે. ઘણા બધા પ્રયોગોથી સીધ્દ થયું છે કે રૂદ્રાક્ષ ઉત્તમ સ્વાસ્થ્ય, સુખ તેમજ માનસિક શાંતી આપવા માટે સક્ષમ છે. રૂદ્રાક્ષ એક ઔષધીય વનસ્પતી છે કે જે રક્તચાપ, રૂદયરોગ, તેમજ મનોરોગ પર વિશિષ્ઠ પ્રભાવ આપે છે. રૂદ્રાક્ષ ધારણ કરવાથી બુધ્ધિનો વિકાસ થતો હોવાનું પણ એક પ્રયોગમાં સાબિત થયું છે. જ્હોન ગેરેટ અને કર્બરડ્રોરી નામના વૈજ્ઞાનિકોએ રૂદ્રાક્ષના ઔષધીય ગુણો બતાવેલા છે. ઈ.સ 1864માં ડો. અબ્રાહમ જજુઆરે જણાવ્યું હતું કે રૂદ્રાક્ષ મનોરોગ તેમજ હતાશાને નિયંત્રીત કરે છે. ઈ.સ 1985માં ડો. એસ.પી. ગુપ્તાએ રક્તચાપના રોગીઓ પર રૂદ્રાક્ષના ચૂર્ણથી પરીક્ષણ કર્યું અને તેના ખૂબ જ સકારાત્મક પરિણામો મળ્યા હતા જેમાં સૌથી મહત્વની વાત સામે આવી હતી કે તેની કોઈ આડઅસરો નહોતી. રૂદ્રાક્ષમાં વિદ્યુત શક્તિ રહેલી છે જે શરીર અને મનને પોઝીટીવીટી પ્રદાન કરે છે.

રુદ્રાક્ષના પ્રકાર:

રુદ્રાક્ષ એકથી લઈને 21 મુખી હોય છે.

આમાં પણ 11 મુખી રુદ્રાક્ષને સર્વસિધ્ધિ રુદ્રાક્ષ માનવામાં આવે છે.

1. એક મુખી રુદ્રાક્ષ: શિવ સ્વરૂપ
2. બે મુખી રુદ્રાક્ષ: અર્ધનારીશ્વર સ્વરૂપ
3. ત્રણ મુખી રુદ્રાક્ષ: અગ્નિ અને તેજ સ્વરૂપ
4. ચાર મુખી રુદ્રાક્ષ: બ્રહ્મ સ્વરૂપ
5. પાંચ મુખી રુદ્રાક્ષ: કાલાગ્નિ સ્વરૂપ
6. છ મુખી રુદ્રાક્ષ: ભગવાન કાર્તિકેય સ્વરૂપ
7. સાત મુખી રુદ્રાક્ષ: સપ્તઋષિઓનુ સ્વરૂપ
8. આઠ મુખી રુદ્રાક્ષ: અષ્ટ દેવીઓનુ સ્વરૂપ
9. નવ મુખી રુદ્રાક્ષ: ધન, સંપત્તિ, યશ અને કીર્તિ માટે ધારણ કરે છે
10. દશ મુખી રુદ્રાક્ષ: નકારાત્મક શક્તિઓ સાથે સુરક્ષા માટે
11. અગિયાર મુખી રુદ્રાક્ષ: સર્વસિધ્ધિ રુદ્રાક્ષ, આત્મવિશ્વાસ વૃધ્ધિ માટે
12. બાર મુખી રુદ્રાક્ષ: સફળતા માટે
13. તેર મુખી રુદ્રાક્ષ: સુખદ વૈવાહિક જીવન માટે



મનની
બારી...



મન ને બારી હોત તો...!!!



ચેતના ગોસ્વામી ઉર્ફે ઊર્જા
સુરત

પ્રવર્તમાન સમયમાં મનુષ્ય એક એવી વિચારધારામાંથી પસાર થઈ રહ્યો છે, કે પોતે જે કાંઈ કરવા જઈ રહ્યો છે, તે યોગ્ય છે કે નહીં મારા વિશે લોકો શું વિચારે છે, શા માટે વિચારશે, જનમાનસ ઉપર મારા વ્યક્તિત્વનું પ્રતિબિંબ કેવું પડશે, તે બાબતે વીમાસણમાં મુકાઈ ગયો છે. માટે આપણા મનમાં જો બારી હોત તો!!

માનવીની વિચારધારા કંઈક અલગ છે. તે હંમેશા અલગ વિચાર વમળોમાં રચ્યો પચ્યો રહે છે. હંમેશા તેને નકારાત્મક વિચાર આવે,

પેલો વ્યક્તિ મારા માટે આવું જ વિચારતો હશે. બસ, આવા ખોટા ખ્યાલમાં તે હંમેશા દુઃખી થાય છે. સામેવાળો વ્યક્તિ મારા માટે શું વિચારે છે? તે વિચારીને હંમેશા દુઃખી થતા હોઈએ છીએ, માટે કાશ મને બારી હોત તો!! ખોટું વિચાર કરનારને સંબંધની તાકાતનો અનુભવ તો થાત. માણસ પોતે એકલો જવાબદાર નથી, પણ એની સાથે બાહ્ય પરિબળો પણ સંકળાયેલા હોય છે. તેમની સાથે થયેલા અનુભવો પણ આમ જ વિચારતા કરી દે છે, માટે સંબંધોનું ગણિત અવળું પડે છે.

નકારાત્મક વિચારધારાને કારણે ઘણા ખરા સાચા અને સારા સંબંધો ખોઈ બેસીએ છીએ. સામેવાળું પાત્ર આમ જ વાત કરતું હશે, તે આવું જ મનમાં વિચારે છે. મારી વાત મનમાં કરે છે, આવું વિચારીને દુઃખી થવાવાળા ઘણા છે. જો મને બારી હોત તો! દૂધનું દૂધ અને પાણીનું પાણી ખબર પડી જાત, વિચારોમાં પારદર્શકતા આવી જાત, સત્ય શું છે તે ખબર પડી જાત, સાચા અને સારા સંબંધની ખબર પડી જાત.

આવું અગાઉથી વિચારીને આપણે સાચા અને સારા સંબંધો ગુમાવી દઈએ છીએ, નાની નાની વાતનું વતેસર કરી કરીએ છીએ, રાઈનો પહાડ બનાવી દઈએ છીએ, પ્રત્યેક મનુષ્ય વિભિન્ન ઉર્જાથી ભરેલો છે. પરંતુ આ ઉર્જાઓનો વ્યર્થ ઉપયોગ કરીએ છીએ, યોગ્ય ઉપયોગ ક્યારે કરવો, કેમ કરવો, કેવી રીતે કરવો તે વિચારવામાં મોટાભાગનો સમય પસાર કરીએ છે.

હંમેશા દરેક સબંધને પ્રત્યેક પ્રાણી વિશે સારા વિચારોની ખેતી કરવી જોઈએ. સારું ફળ મળે જ છે. આજે આપણે જોઈએ છે કે Facebook અને WhatsApp ના માધ્યમથી સંતવાણીમા જાત હોવા છતાં પણ અમલમાં નથી મુકતા, માટે હું કહું છું કે જો મને બારી હોત તો!! બધું નિરાકરણ થઈ જાત. કૈકૈઇ જેવા પાત્ર જોવા મળ્યા ન હોત અને રામાયણ કે મહાભારતમાં પણ આ પાત્રનો ઉલ્લેખ ન થયો હોત, કદાચ રામાયણ અને મહાભારત રચાયું ન હોત, માટે દરેક સંબંધમાં પ્રેમની વર્ષા કરવી જોઈએ, મૈત્રી ભાવ કેળવવો જોઈએ, વિચારધારા અને માનસિકતા બદલવી જોઈએ. માટે આજે આપણે સૌ એવો સંકલ્પ કરીએ કે આપણા વિચારો આપણા વર્તનમાં આપણા જીવનમાં પદ્ધતિઓને હકારાત્મક અભિગમ વડે અમલમાં મૂકી, સૌ જ્યાં પહોંચવા માંગીએ છીએ ત્યાં પહોંચી જઈએ અને બીજાને પણ પહોંચાડી દઈએ. આપણું જીવન સાર્થક અને આનંદમય અનુભવ થાય એવું કંઈક કરીએ.

અંતમાં એટલું જ કહીશ મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે....

નકારાત્મક વિચારધારાને કારણે આપણે ઘણા ખરા સાચા અને સારા સંબંધો **ખોઇ બેસીએ છીએ.**



અબ્રાહમ લિંકનનો પત્ર :

જીવનના સાચા પાઠ શીખવતો સંદેશ...



- બલદેવપરી ગોસ્વામી
કાથરોટા, જુનાગઢ

પ્રત્યેક માતાપિતા પોતાના સંતાનને સફળતા અને સુખી જીવનની કામના કરે છે. પરંતુ અબ્રાહમ લિંકનનો પોતાના પુત્રના પ્રિન્સીપાલને લખેલો આ પત્ર માત્ર એક પિતાની વિનંતી નથી - તે દરેક બાળક માટે જીવનનો માર્ગદર્શક સંદેશ છે. આ પત્રમાં લિંકન પોતાના પુત્ર માટે એવી શિક્ષણની માંગ કરે છે, જે જીવનમાં માત્ર પાઠ્યપુસ્તકોની જ નહીં, પરંતુ વ્યક્તિત્વની ઘડતરની સાચી શાળા બને.

લિંકન ઈચ્છે છે કે તેનો પુત્ર સમજે કે દુનિયામાં બધાં લોકો સચ્ચા કે સારા નથી. સમાજમાં સારા લોકો છે, પણ ખોટા અને સ્વાર્થભર્યા લોકો પણ છે. સાચા મિત્રો મળે છે, પણ દુશ્મનો પણ મળે છે - અને જીવનની બંને બાજુઓને સ્વીકારીને જીવવું શીખવું પડે છે.

તે કહે છે કે પુત્રને શીખવજો કે પરિશ્રમથી કમાયેલું એક રૂપિયા, છલકપટથી કમાયેલા દસ રૂપિયાથી અનેક ગણો કિંમતી છે. જીતનો આનંદ મહાન છે, પરંતુ હારનો પાઠ વધુ મૂલ્યવાન છે, કારણ કે હારથી મળતી સમજ જીવનને ઘડતી હોય છે.

લિંકન ઈચ્છે છે કે તેનો પુત્ર ગુંડાઓ સામે ઊભો રહી શકે - શારીરિક શક્તિથી નહીં, પણ હિંમત અને સંકલ્પથી. એને પુસ્તકોના જ્ઞાન સાથે કુદરતનું પણ સૌંદર્ય જોવા દો - ઊડતા

પક્ષીઓ, ગુંજતી મધમાખીઓ અને ખીલેલા ફૂલોમાં પણ જીવનની સાચી મીઠાસ અનુભવાય છે. એ સમજે કે પરીક્ષામાં નિષ્ફળ થવું અંત નથી, પરંતુ શીખવાની નવી શરૂઆત છે.

તે પત્રમાં કહે છે કે જો પુત્રના વિચારો ખોટા હોય, તો એને માર્ગદર્શન આપો; પણ જો તે સાચો હોય અને પોતાના સિદ્ધાંતો પર અડગ હોય, તો એને ભીડ સામે લડવાની હિમત શીખવો. એ શીખે કે દુઃખમાં પણ સ્મિત કરવું, આંસુ વહાવવું શરમની વાત નથી, અને જીવનમાં સૌથી મોટું બળ છે – અંતરાત્માની અવાજને કદી વેચી ન નાખવી.

લિંકન ઈચ્છે છે કે તેનો પુત્ર પોતાની શક્તિ, બુદ્ધિ અને વિશ્વાસ પર ઉભો રહે, ભીડને અનુસરીને નહીં, પરંતુ પોતાનું માર્ગ સ્વયં ઘડીને આગળ વધે. મુશ્કેલીઓમાં સંઘર્ષ કરવો, સહનશીલતા શીખવી, અને પોતાના અધિકાર માટે લડવાની તાકાત - એ જ જીવનનું સાચું શિક્ષણ છે.

આ પત્ર આપણને યાદ અપાવે છે કે શિક્ષણનો હેતુ માત્ર જ્ઞાન આપવાનો નથી, પરંતુ મજબૂત વ્યક્તિત્વ, મૂલ્યો અને હિમતભર્યું હૃદય ઘડવાનો છે.

અબ્રાહમ લિંકનનો સંદેશ આજે પણ દરેક માતાપિતા, શિક્ષક અને વિદ્યાર્થી માટે પ્રેરણાનું દીપક બની શકે છે.

અબ્રાહમ લિંકનનો સંદેશ: સંતાનને શીખવવાના જીવન પાઠ

1. દુનિયાની હકીકત સમજો

- બધાં લોકો સચ્ચા અને સારા નથી.
- સારા લોકો છે, પણ ખોટા અને સ્વાર્થભર્યા લોકો પણ મળે છે.
- સાચા મિત્રો મળે છે, પરંતુ દુશ્મનોનો સામનો પણ કરવો પડે છે.

2. પરિશ્રમનું મૂલ્ય શીખો

- પરિશ્રમથી મળેલું એક રૂપિયા, છલથી કમાયેલા દસ રૂપિયાથી કિંમતી છે.
- જીતનો આનંદ માણો, પણ હારથી મળતો પાઠ વધુ મૂલ્યવાન છે.

3. હિમત અને સ્વાભિમાન વિકસાવો

- ભીડનું અનુસરણ ન કરો; પોતાના અંતરાત્માને સાંભળો.
- જો તમે સાચા હોવ, તો ભીડ સામે પણ અડગ રહી લડો.

4. કુદરત અને જીવનનો આનંદ માણો

- પુસ્તકોની સાથે કુદરતનો પરિચય - પક્ષીઓ, ફૂલ અને પ્રકૃતિમાંથી શીખો.
- જીવનની નાની ખુશીઓમાં સાચી મીઠાશ અનુભવો.

5. સંઘર્ષ અને સહનશીલતા શીખો

- દુઃખમાં પણ હસતા રહો અને આંસુ વહાવામાં શરમ ન માનશો.
- અંતરાત્માને કદી વેચી ન નાખવી.
- મુશ્કેલીઓમાંથી પસાર થવાથી જ મજબૂત ચરિત્ર બને છે.

6. શિક્ષણનો સાચો હેતુ

- માત્ર પુસ્તકો નહીં, પરંતુ વ્યક્તિત્વ, મૂલ્યો અને હિમત શીખવવી.
- શિક્ષણ એટલે - સંતાનને સાચો, મજબૂત અને મૂલ્યવાન નાગરિક બનાવવું.

જ્યોતિર્લિંગ
કથા...



શ્રી સોમનાથ જ્યોતિર્લિંગની કથા...



વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, જી. પંચમહાલ

સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ.

શિવનો અર્થ છે કલ્યાણ. તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો. તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય. પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે. શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે. અહી વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે. હિમાલય જેવું શાંત મહાન સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી તપસ્વી અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે.

સોમનાથ મહાદેવનું મંદિર ગુજરાતના ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ પ્રદેશમાં સોમનાથ શહેરમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું છે. ભગવાન શિવના બાર પવિત્ર જ્યોતિર્લિંગમાંનું પ્રથમ જ્યોતિર્લિંગ છે.

મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જ્યારે જ્યારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે.

આ જગ્યાનો ઇતિહાસ જોઇએ તો એકવાર અત્રિઋષિ અને અનસૂયા શાંતિથી બેસીને જીવ-શિવની લીલા વિશે ચર્ચા કરતા હતા.ઘણા લોકો ભૌતિક સુખ,પુણ્ય,જીવન વિકાસ અને મોક્ષ માટે તપ કરતા હોય છે.અત્રિઋષિ અને અનસૂયા માનવજાતિના વિકાસ માટે,જગતમાં સુખ-શાંતિ અને સમાધાન માટે પૂત્રની ઇચ્છા હતી અને તેના માટે તેઓ તપશ્ચર્યા કરે છે.ભગવાન શિવની કૃપાથી તેમને પૂત્ર થાય છે જેનું ચંદ્ર નામ રાખવામાં આવે છે.માતાપિતાના ગુણો ચંદ્રમાં આવે છે.

ચંદ્ર મોટો થતાં માતા અનસૂયા તેને સુશિલ અને સુસંસ્કૃત કન્યા સાથે લગ્ન કરી લેવા આગ્રહ કરે છે.ચંદ્રના મનમાં કોઇ સ્ત્રી શરીર સાથે નહી પણ જે તેની બુધ્ધિ પ્રતિભાને સમજી શકે,પોતાના વ્યક્તિત્વથી ધર્મકાર્યમાં સહકાર આપે તેવી સર્વગુણ સંપન્ન પત્ની જોઇતી હતી.એકવાર ચંદ્ર જંગલમાં ફરતો હતો ત્યારે તેના કરતાં પણ સુંદર કન્યા મળે છે.એકબીજા સાથે વાતચીત થાય છે.ચંદ્ર પુછે છે કે શું તમે પરણેલા છો? ત્યારે કન્યા કહે છે કે "પરણવું એટલે શું? અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ જોડાણ થાય તેને લગ્ન કહેવાય? પરણવું એટલે એકબીજામાં સમાઇ જવું.પ્રેમની ચરમસીમા વિલિનીકરણમાં છે.બે શરીરના લગ્ન એ લગ્ન નથી.પુરૂષ પાસે વૈભવ હોય,શૂરવીર હોય,સૌદર્યવાન અને સર્વગુણસંપન્ન હોવો જોઇએ."

કન્યા કહે છે કે આવો સર્વગુણસંપન્ન અત્રિઋષિનો પૂત્ર ચંદ્ર છે તેવું મે મહાપુરૂષોના મુખેથી સાંભળ્યું છે,તેની સાથે મારે લગ્ન કરવા છે.કન્યા કહે છે કે મારૂ નામ રોહિણી છે.હું દક્ષપ્રજાપતીની પૂત્રી છું.ચંદ્ર કહે છે કે વર્ષોથી તું જેનું ચિંતન કરે છે તે ચંદ્ર હું જ છું.ત્યારે રોહિણી કહે છે કે અમે સત્તાવીશ બહેનો દિલથી એક વિચારની,એકબીજા ઉપર પ્રેમ અને આત્મિયતાના કારણે અમે નક્કી કર્યું છે કે અમે એક જ પતિ સાથે પરણીશું.ત્યારે ચંદ્ર કહે છે કે તમારા જેવી સર્વગુણ સંપન્ન આદર્શ નારી મળતી હોય તો બાકીની છવ્વીસને પણ હું સ્વીકારીશ.

રોહિણી ચંદ્રને પોતાના પિતા દક્ષ પાસે લઇ જાય છે અને બંન્નેના માતાપિતાની સંમત્તિથી ખુબ જ ઠાઠમાઠથી દક્ષરાજાની સત્તાવીશ કન્યાઓ સાથે ચંદ્રનાં લગ્ન કરવામાં આવે છે.ચંદ્ર પોતાની પત્નીઓને લઇને પોતાના ઘેર આવે છે.લગ્ન પછી સત્કૃત્યોની શરૂઆત થાય છે.રોહિણી તેના કામમાં ખભેખભો મિલાવીને સાથ આપે છે,ચંદ્રની કદર કરે છે.બાકીની છવ્વીસ પત્નીઓ ચંદ્રને પ્રેમ કરે છે પરંતુ ચંદ્રના કાર્યને સમજી શકતી નથી તેથી તેમનામાં મત્સર (પારકાની ચડતી સહન ન થતાં આવતી અદેખાઇ) ઉભો થયો અને તેમને લાગ્યું કે પતિનું ખેંચાણ આપણી તરફ નથી.

એકવાર દક્ષપ્રજાપતિ ચંદ્રના ઘેર આવે છે

ત્યારે રોહિણી સિવાઇની ૨૬ દિકરીઓ પિતાજીને ફરીયાદ કરે છે કે પિતાજી..અહી સુખ છે,આનંદ છે,લીલાલહેર છે પરંતુ અમારા પતિનું અમારી તરફ ખેંચાણ નથી, અમારી ઉપેક્ષા થાય છે.દક્ષે ચંદ્રને બોલાવીને ઠપકો આપ્યો કે તમારા વિશે જે ફરીયાદ મળી છે તેવું ફરીથી ભવિષ્યમાં ના બને તેની કાળજી રાખજો.ચંદ્ર કહે છે કે હું સમજી વિચારીને આવું કરતો નથી પરંતુ મારા કાર્ય અને બુધ્દ્રિને ફક્ત રોહિણી જ સમજી શકે છે તેથી તેના પ્રત્યે ખેંચાણ વધુ રહે છે.

એકવાર ચંદ્રના જીવનમાં એક ઘટના બને છે.દેવતાઓના ગુરૂ બૃહસ્પતિની પત્ની તારાની તરફ ચંદ્રનું મન ખેંચાય છે ત્યારે રોહિણી સિવાઇની બાકીની પત્નીઓ ગુસ્સે થાય છે અને ચંદ્રનો તિરસ્કાર કરે છે તેથી ચંદ્રનું અન્ય પત્નીઓ તરફ ખેંચાણ ઓછું થાય છે. આખું જગત તિરસ્કાર કરે તો ચાલે પણ પત્ની આપણો તિરસ્કાર કરે તો તે અસહ્ય બને છે.

રોહિણી ઘણી સમજદાર હતી તેને ખબર હતી કે ચંદ્રમાં જગતને સુધારવાની શક્તિ છે.પ્રભુની કૃપા પ્રસાદીથી તે જગતમાં આવ્યો છે તેની કદાચ ભૂલ થઇ હશે.તે ચંદ્ર પાસે જઇને સમજાવે છે કે ગુરૂ બૃહસ્પતિની પત્ની તારા જેવી સ્ત્રી તમારા જેવા લોકોત્તર પુરૂષ પાછળ ગાંડી થાય તેમાં નવાઇ નથી પણ જગતમાં સૌદર્ય અને શિતળતા લાવવા પ્રયાસ કરનાર તમે વિચાર કરો કે તમોને આ શોભે છે? અમે ૨૭ છીએ ૨૮મી લાવશો તો અમોને વાંધો નથી પરંતુ "પરસ્ત્રી તરફ ખરાબ નજરે જોવું એ સારૂ ના કહેવાય." તમારા આ કાર્યથી કૌટુંબિક સૌદર્ય,સ્વાસ્થ્ય,સમાધાન,શાંતિ અને શિતળતા તમે ગુમાવી દેશો.ચંદ્રે પોતાની ભૂલની કબૂલાત કરી પાપ પ્રક્ષાલન કર્યું અને ફરીથી આવી ભૂલ ન કરવાની ખાત્રી આપી પરંતુ બાકીની ૨૬ પત્નીઓના તિરસ્કારથી તેમના વચ્ચેનું અંતર વધતું ગયું અને તેથી તેમને પિતા દક્ષને ફરીયાદ કરી.

દક્ષ ગુસ્સે થયા અને ચંદ્રને કહ્યું કે તમે વચન આપ્યા પછી પણ મારી તમામ દિકરીઓને એક સરખી રીતે રાખતા નથી.ચંદ્રે દલીલ કરી કે એમાં મારા એકલાનો દોષ નથી.હું દિવસ રાત જે કાર્ય કરૂ છું તેમાં રોહિણી સિવાઇ બીજી કોઇને રત્તીભર રસ નથી.આવી ફક્ત હાડમાંસના પિંજરા જેવી પત્નીઓ ઉપર મને પ્રેમ કેવી રીતે થાય..!

દક્ષરાજા કહે છે કે લગ્ન વખતે તમે જે સોગંદ ખાધા હતા કે "ધર્મે ચ અર્થે ચ કામે ચ નાતિચરામિ" તે પાળી શક્યા નથી અને દક્ષે ગુસ્સામાં શ્રાપ આપ્યો કે તને કર્તૃત્વનો,બુધ્દ્રિમત્તાનો અને સૌદર્યનો અહંકાર હોય તો જા..તે બધાને ક્ષય લાગશે,તૂં ક્ષયરોગી થશે.દક્ષના ગયા પછી ચંદ્રને લાગ્યું કે સૌદર્ય,કર્તૃત્વશક્તિ જતી રહેશે તો મારાથી જગકલ્યાણના કામ થશે નહી તેથી તે દક્ષ પાસે ગૂનેગાર તરીકે જાય છે.પગે લાગીને કહે છે કે મારી ભૂલ થઇ છે.ચંદ્ર નિસ્તેજ બની જતાં તમામ પત્નીઓને પોતાની ભૂલ સમજાય છે કે શું કરવા ગઇ અને શું થઇ ગયું? તેઓ પણ પિતાજીને શ્રાપ પાછો ખેંચી લેવા વિનંતી કરે છે.

દક્ષે કહ્યું કે શ્રાપ પાછો ખેંચવાની શક્તિ મારામાં નથી.હવે શું કરવું? રોહિણી ચંદ્રને કહે છે કે તમારી શક્તિ અને પ્રભાને ક્ષય

લાગ્યો છે.અત્રિ અને અનસુયાએ મહાન તપ કરીને જગતની સિકલ બદલવા શિવજી પાસેથી તમને મેળવ્યા હતા તે કાર્ય હવે થવાનું નથી.ચંદ્ર કહે છે કે આપણે બ્રહ્માજી પાસે જઇએ તે કોઇક રસ્તો બતાવશે.

ચંદ્ર અને રોહિણી બ્રહ્મા પાસે જાય છે.બ્રહ્માજી તેમને નિગ્રહાનુગ્રહ સમર્થ ભગવાન શિવજીની આરાધના કરવાનું કહે છે.રોહિણી અને ચંદ્રે પ્રભાસ ક્ષેત્રમાં ભગવાન શિવની આરાધના કરી.વર્ષોના તપ પછી શિવજી પ્રગટ થાય છે અને ચંદ્ર પર અનુગ્રહ કરી ચંદ્રની શક્તિમાં પંદર દિવસ વૃધ્ધિ અને પંદર દિવસ ક્ષય થશે એવા આર્શિવાદ આપ્યા.જે જગ્યાએ બ્રહ્માજીએ ભગવાન શિવની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું કહ્યું તે સોમનાથ.ચંદ્રે જગતમાં અનેક સત્કાર્યો કર્યા,જગતમાં શિતળતા અને ભાવ વધારવા જીવન પસાર કર્યું અને જ્યારે તેને જગત છોડ્યું ત્યારે લોકોએ ચંદ્રની કદર કરી એક મહાન શિતળ ગોળો જે આકાશમાં ફરે છે તેને નામ આપ્યું ચંદ્ર..અને ચંદ્ર જોડે જેણે સંસારનો સબંધ બાંધ્યો હતો તે ગમે તેવી પણ મહાન છે તે ચંદ્રની આસપાસ રહેતી નક્ષત્રમાલિકા. સત્તાવીસ માલિકાને પણ તેમનાં નામ આપ્યાં તે છે અશ્વિની ભરણી કૃત્તિકા રોહિણી મૃગ આર્દ્રા પુનર્વસુ પુષ્ય આશ્ર્લેષા મઘા પૂર્વા ઉત્તરા હસ્ત ચિત્રા સ્વાતિ વિશાખા અનુરાધા જ્યેષ્ઠા મૂળ પૂર્વાષાઢા ઉત્તરષાઢા શ્રવણ ધનિષ્ઠા શતતારકા પૂવાભા ઉત્તરાભા અને રેવતી..

સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ.જે જગ્યાએ પ્રભુકાર્ય કરવાવાળા ચંદ્રની ગુમાવેલ પ્રભા પરત મળી તે સ્થાન પ્રભાસ.પ્રાચીન માન્યતાઓ અનુસાર સત્યયુગમાં સોમરાજે સુવર્ણનું મંદિર બંધાવ્યું હતું.ત્રેતાયુગમાં રાવણે ચાંદીનું મંદિર બંધાવ્યું હતું અને દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણએ ચંદનના લાકડાથી મંદિરનું નવ નિર્માણ કર્યું હતું.સાગર કિનારે આવેલા સંસ્કૃતમાં લખેલા શિલાલેખ પ્રમાણે મંદિર તથા પૃથ્વીના દક્ષિણ ધ્રૃવની વચ્ચે ફક્ત સમુદ્ર જ આવેલો છે અને કોઈ જમીન નથી. અહીં જ બાજુમાં ભાલકાતીર્થ આવેલું છે જ્યાંથી ભગવાન શ્રીકૃષ્ણ તેમના નિજધામ ગયા હતા.અહીં તેમને પારધી દ્વારા તેના પગમાં રહેલા પદ્મને વીંધીને તેમને ઘાયલ કર્યા હતા.આ જ જગ્યાથી ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઇ શ્રી બલરામ પણ અહીંથી પાતાળ લોક ગયા હતા.

સોમનાથ મંદિરમાં પૂજા કરવા માટે એક હજાર બ્રાહ્મણો અને સોમનાથની યાત્રાએ આવતા યાત્રાળુઓના ક્ષોરકર્મ-હજામત કરવા માટે ત્રણસો હજામો રાખ્યા હતા.સોમનાથનો કેટલો વૈભવ હશે અને કેટલું મહાન પવિત્ર સ્થાન હશે તેની કલ્પના કરો.ત્યારપછી સમય જતાં ચંદ્રે ઉભો કરેલ ભાવ ઓછો થયો,શક્તિ ગઇ, વૈભવ ગયો.સંસ્કૃતિની શક્તિ નબળી પડતાં મહંમદ ગઝનીએ મંદિરને તોડીને વૈભવ લૂંટ્યો.

આ બધી કથાનો અર્થ પણ સમજવો જોઇએ.ચંદ્રે ચાર પાપ કર્યા.વૃધ્ધનો અનાદર કર્યો,અનુભવવૃધ્ધ અને જ્ઞાન વૃધ્ધનો અનાદર

ના કરવો જોઇએ..પ્રતિજ્ઞાનું પાલન ના કર્યું.પોતાના માનેલા સબંધીઓની સાથે પક્ષપાત કર્યો અને સ્ત્રીઓની ઉપર ભોગની નજર કરી..સ્ત્રી તરફ જોવાની નજર અતિ પવિત્ર હોવી જોઇએ. ધર્મ અને સંસ્કૃતિના કામ કરનાર લોકોમાં ઉપર બતાવેલ પાપ થાય છે ત્યારે તેમને ક્ષય લાગે છે એટલે કે તે ખલાસ થાય છે.

સરદાર વલ્લભભાઈ પટેલે ૧૩ નવેમ્બર, ૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃનિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી.આજનાં સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું.૧૧ મે,૧૯૫૧ના દિવસે મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા થઇ ત્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા વિધી કરતાં કહ્યું હતું કે "સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે." સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે.સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં હાલમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આ ટ્રસ્ટના ચેરમેન છે.

આપણે યાત્રા કરીએ છીએ પણ સાથે સાથે યાત્રા કરવા પાછળનો ભાવ હ્રદયમાં હોવો જોઇએ. ભાવનો અભાવ હોય તો યાત્રાની કોઇ કિંમત નથી.

સ્વાસ્થ્ય
જાળવણી





ચોમાસામાં **તુલસી** અને **કાળા મરી**નો ઉકાળો પીવાથી થતા ફાયદા



ડૉ. નંદિની એસ. ગોસાઇ
જામનગર


ચોમાસાની ઋતુમાં સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કારણકે ચોમાસા દરમિયાન ઘણી બધી બીમારીઓ ફેલાવવાનું જોખમ વધી જાય છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે પરંતુ આ સમયે સંક્રમણ અને બીમારીઓ ફેલાવવાનું જોખમ અનેક ઘણું વધી જાય છે. ચોમાસામાં શરદી, ઉધરસ, વાઇરલ ફીવર, ફ્લુ. સ્કિન ઈન્ફેક્શન અને પાચન સંબંધિત સમસ્યા ઝડપથી વધે છે. આ સમયે શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત રહે તે જરૂરી છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ચોમાસાની ઋતુમાં કાળા મરી અને તુલસીનો ઉકાળો પીવો ફાયદાકારક સાબિત થઈ શકે છે. હેલ્થ એક્સપર્ટ અનુસાર તુલસી અને કાળા મરીથી બનેલો ઉકાળો શક્તિશાળી મિશ્રણ છે જે શરીરને ચોમાસામાં ફેલાતા સંક્રમણથી લડવામાં મદદ કરે છે. આ ઉકાળો પીવાથી ઘણી બધી બીમારીઓથી શરીર બચી જાય છે.

તુલસી અને મરીનો ઉકાળો પીવાથી થતા ફાયદા

૧. તુલસી અને કાળા મરી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક ઔષધિ ગણાય છે. તુલસી અને મરી શરીરની રોગ પ્રતિકારક શક્તિને બૂસ્ટ કરે છે અને શરીરને અંદરથી મજબૂત બનાવે છે જેના કારણે વાઇરલ અને બેક્ટેરિયલ ઇન્ફેક્શનનું જોખમ ઘટી જાય છે. ૨. ચોમાસામાં શરદી અને ઉધરસ થવા સામાન્ય વાત છે વરસાદમાં પલળી જવાથી અને ઠંડી હવા લાગવાથી શરદી, ઉધરસ અને ગળામાં તકલીફ થઈ શકે છે. આ સમસ્યામાં તુલસી અને મરીનો ઉકાળો ફાયદાકારક સાબિત થશે. ૩. વરસાદી ઋતુમાં મચ્છરનો ઉપદ્રવ પણ વધી જાય છે અને તેના કારણે પણ બીમારીનું જોખમ અનેક ઘણું વધે છે. તુલસી નિયમિત રીતે ચોમાસામાં લેવાથી પ્લેટલેટ્સની સંખ્યા વધારવામાં મદદ મળે છે. આ ઉકાળો મચ્છરથી ફેલાતા સંક્રમણ સામે પણ શરીરને સુરક્ષિત રાખે છે. ૪. તુલસી અને કાળા મરી બંને પાચન માટે લાભકારી હોય છે. મરી અને તુલસી પાચન રસોને સક્રિય કરે છે જેના કારણે ગેસ, એસિડિટી, પેટમાં દુખાવો, અપચો જેવી સમસ્યાઓ દૂર થાય છે.

બોધ

કથા



સૌથી શ્રેષ્ઠ કોણ?



મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત

ઉનાળાની ઋતુ હતી. રાજા વિક્રમનો દરબાર ભરાયો હતો. કાલિદાસ પંડિત પણ બેઠા હતા. તે પોતાના કામમાં તલ્લીન હતા.

વિક્રમાદિત્યને મજાક કરવાનું મન થયું. તેમણે કાલિદાસને કહ્યું, 'તમે કદરૂપા છો ને આજે તો વધારે કદરૂપા લાગો છો. મને તો તમને જોઈને હસવું આવે છે. ભગવાને તમને અન્યાય કર્યો છે."

કાલિદાસે રાજાજીની વાત મૂંગે મોઢે સાંભળી લીધી. તેમને ખરાબ લાગ્યું પણ કંઈક વિચારીને ત્યારે તેઓ કંઈ બોલ્યા નહિ.

બીજે દિવસે જ્યારે દરબાર ભરાયો ત્યારે કાલિદાસે દરબારમાં રાખેલા માટીના ઘડાની જગ્યાએ સોનાનો ઘડો રાખી દીધો. રાજાને બપોરે તરસ લાગી. તેમણે સોનાના ઘડાનું પાણી પીધું તો તે તેમને ગરમ લાગ્યું. રાજા ગુસ્સે થઈને બોલ્યા, 'કોણે અહીંથી માટીનો ઘડો લઈ લીધો છે ? એને એટલી પણ ખબર પડતી નથી કે સોનાના ઘડામાં પાણી ઠંડું રહેતું નથી.”

કાલિદાસ હાથ જોડીને બોલ્યા, 'માફ કરો. મહારાજ ! એ માટીનો ઘડો લઈને મેં જ સોનાનો ઘડો રાખ્યો હતો. મને થયું કે રાજાને સુંદર વસ્તુ જ ગમે છે. માટીનો ઘડો સોનાના ઘડા જેટલો સુંદર લાગતો નથી. એનું પાણી તમને વધારે ગમશે એટલે મેં આવું કર્યું હતું.”

રાજાજીનો ક્રોધ શાંત થઈ ગયો. તેમને તરત પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેમણે કાલિદાસને કહ્યું, 'તમે આજે મને સાચી સમજ આપી દીધી. અત્યાર સુધી મને સુંદર વસ્તુ ગમતી હતી. ને હું તેના ગુણ જોતો ન હતો. ગુણવાન માણસ જ શ્રેષ્ઠ છે, સુંદર નહિ.'

આટલું કહીને આખા દરબાર વચ્ચે રાજા વિક્રમાદિત્યે કાલિદાસનું સન્માન કર્યું.

હાસ્ય

કણિકાઓ



દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત

- મુંબઈની એક મોટી હોસ્પિટલના ICU માં, દર રવિવારે, એક જ બેડ પર બરાબર ૧૧ વાગ્યે એક દર્દી મૃત્યુ પામતો હતો.

  જે પણ દર્દીને તે બેડ પર સુવડાવવામાં આવતો હતો, તે રવિવારે બરાબર ૧૧ વાગ્યે મૃત્યુ પામતો હતો.

  દર રવિવારે એક જ સમયે એક જ બેડ પર થતા મૃત્યુ ડોક્ટરોની સમજની બહાર હતા.

  અંતે, ડોક્ટરોને એવું માનવા મજબૂર કરવામાં આવ્યા કે આ ચોક્કસપણે કોઇ અલૌકિક શક્તિ અથવા ભૂત કે ડાકણને કારણે થઈ રહ્યું છે.

  મૃત્યુનું કારણ શોધવા માટે વિશ્વ કક્ષાના ડોક્ટરોની એક ટીમ બનાવવામાં આવી. ટીમ આગામી રવિવારની આતુરતાથી રાહ જોઈ રહી હતી.

  બીજા રવિવારે સવારે ૧૧ વાગ્યા પહેલા થોડી મિનિટો પહેલા, બધા ડોક્ટરો અને નર્સો પલંગની આસપાસ ઉભા હતા.

  બધા મૃત્યુનું કારણ જાણવા માટે ખૂબ જ ઉત્સુક હતા. તેમના ચહેરા પર ભૂતનો ડર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

  કંઈક અઘટિત બનવાના ડરથી બધા અવાચક થઈ ગયા હતા.

  લગભગ ૧૧ વાગ્યા હતા...

  ત્યારે અચાનક ICU ના દરવાજાના હેન્ડલ પર ખટખટાવાનો અવાજ આવ્યો. બધાના શ્વાસ અટકી ગયા.

  દરવાજો કર્કશ અવાજ સાથે ખુલ્યો.

  બધાના શરીર પરસેવાથી લથપથ હતા.

  સફેદ સાડી પહેરેલી એક સ્ત્રી દરવાજામાંથી અંદર આવી.

  તે પાર્ટ ટાઈમ સફાઈ કામદાર ICU માં પ્રવેશ કરે છે,

  અને તે બેડના લાઈફ સપોર્ટ સિસ્ટમનો પ્લગ કાઢીને પોતાનો મોબાઈલ ચાર્જ પર મૂકે છે.

• • •

- શિક્ષક : બોલ ભૂરા, હાલરડા અને શેરબજાર વચ્ચે શું તફાવત છે?
  ભૂરોઃ સાહેબ, હાલરડાં જે નાના ને સુવડાવે અને શેરબજાર જે મોટાને.....

• • •

- પત્રકાર : શું તમે માનો છો કે ઉડતી રકાબી નુ અસ્તિત્વ છે ?
  ભૂરો : હા.
  પત્રકાર: તમે વૈજ્ઞાનીક છો ??
  ભૂરો: ના, હું પરણેલો છું.

• • •



હેલ્થ
ટીપ્સ

લિવર ડેમેજ થવાના આ લક્ષણ જોવા મળે તો ચેતી જાજો...



ડૉ. સાગરગીરી આર. ગોસાઈ
જામનગર

શરીરને સ્વસ્થ રાખવા માટે હૃદય, કિડની, ફેફસાં અને લિવરને સ્વસ્થ રાખવા જરૂરી છે. ખાનપાનની અસર લિવરના સ્વાસ્થ્ય પર વધુ પડે છે. લિવર ભલે શરીરનું મોટું અને મજબૂત અંગ હોય પરંતુ તેમાં સમસ્યા આવવા પર સ્વાસ્થ્ય પર અસર પડે છે. તેનું કારણ છે લિવર ખરાબ થવાના લક્ષણો મોડેથી નજર આવવા.

ઘણીવાર લોકો હળવા લક્ષણોને સમજી શકતા નથી કે બેદરકારી દાખવે છે. ત્યાં સુધીમાં લિવરને ઘણું નુકસાન થઈ જાય છે. તેથી લિવર ખરાબ થવાના આ લક્ષણોને ક્યારેય નજરઅંદાજ ન કરવા.

લિવર ખરાબ થવાનું સૌથી મોટું કારણ:

પેટના ઉપરના ભાગમાં દુખાવો રહે તો સમજી લેવું કે લિવરમાં સમસ્યા છે. લિવરમાં સોજા થવા પર ઘણીવાર પેટમાં હળવો દુખાવો રહે છે. વધુ એસિડિટી રહે, ગેસ બને કે ભૂખ ઓછી લાગે તો તે લિવર ડેમેજનો સંકેત છે. આ સ્થિતિ નજરઅંદાજ કરવી નહીં. આવા કોઇ લક્ષણ જોવા મળે તો ડૉક્ટરને દેખાડો.

લિવર ખરાબ થવાના લક્ષણો :

પહેલું લક્ષણ :

લિવરને નુકસાન થવાનું એક મહત્વપૂર્ણ લક્ષણ તમારી આંખો અને ત્વચામાં પણ જોવા મળે છે. ત્વચા અથવા આંખોનો સફેદ ભાગ પીળો પડવો એ લિવરને નુકસાન થવાનું એક મુખ્ય લક્ષણ છે. કમળો એ લિવર રોગનું લક્ષણ છે.

બીજું લક્ષણ :


પેટમાં દુખાવો ચાલુ રહે તો તે લિવરમાં સોજો આવવાને કારણે હોઈ શકે છે. આ ઉપરાંત પગ અને ઘૂંટીઓમાં સોજો આવવો એ પણ લિવર ખરાબ થવાની નિશાની છે. ત્વચામાં ખંજવાળ પણ લિવર સાથે સંબંધિત માનવામાં આવે છે, જે પિત્ત વધવા અથવા ઘટવાને કારણે હોઈ શકે છે.

ત્રીજું લક્ષણ:

ઊલટી, ઉબકા, ભૂખનો અભાવ અને તેના કારણે સતત થાક અને નબળાઈ લિવરને નુકસાનના લક્ષણો હોઈ શકે છે.

ચિત્ર
સંદેશ

બાળકો જે **જુએ** છે.
બાળકો એ જ **કરે** છે.



CHILDREN **SEE,**
CHILDREN **DO.**

ધન્યવાદ

આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **ઓગષ્ટ-૨૦૨૫**નો **૩૭મો** અંક આપની સમક્ષ રજૂ કરીએ છીએ. આ સાથે આપણું "દશનામ સરક્યુલર" ઈ-મેગેઝીન સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂરા કરીને ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે.

અમારા આ સેવાયજ્ઞમાં આપના સહકાર બદલ આપ સર્વે જ્ઞાતિબંધુઓ, વાચક મિત્રો, લેખક બંધુઓ સર્વેનો દિલથી આભાર વ્યકત કરૂં છું...

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે.

અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે.

આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ-મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી **વેબસાઈટ, ટેલિગ્રામ ચેનલ, વોટ્સએપ ગ્રુપ, ગુગલ ડ્રાઈવ** તેમજ **ઈન્ટરનેટ આરકાઈવ** પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો. જેની લિંક આ અંકમાં આપેલી છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના અંકો સમાજના લાખો લોકો સુધી પહોંચે છે. દરેકના અભિપ્રાય, સૂચનો પણ મળે છે. આપનો ખૂબ ખૂબ ધન્યવાદ.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...

ૐ નમો નારાયણ...

- તંત્રીશ્રી લલિતપુરી આર. ગોસ્વામી

VISIT US :
www.dashnamcircular.me

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

માસિક ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

- www.dashnamcircular.me — VISIT
- વોટ્સએપ ગ્રુપ — JOIN
- ટેલિગ્રામ ચેનલ — JOIN
- ગુગલ ડ્રાઈવ — CLICK
- INTERNET Archive ગુજરાતી ઓડિયો સાથે. — CLICK

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

દ્વારા

પ્રકાશિત થયેલા **વિશેષાંકો**ની ઝલક...




www.dashnamcircular.me VISIT

શત્ શત્ નમન

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।

પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી



પૂજ્ય શ્રી રામપુરી બાપુનો સમસ્ત પરિવાર

રબારીકા - જામજોધપુર / સુરત.